શ્રી અંબાજી પ્રતાપ.

ગુપ્ત ફળ.

ભાગ બીજો.

॥ ચોપડી વાંચ્યાથી કાયા સફળ થાય છે
તેમ ફળ માળ્યા વગર રહેશે નહીં.

તદન નાટકના રાગમાં વધારા સુધારા સાથે બનાવી છે.

બનાવનાર

શા. ચુનીલાલ હેમચંદ વીરમગામવાળા.

છપાવનાર

શા. ચુનીલાલ હેમચંદ વીરમગામવાળા.

અમદાવાદ મધ્યે

ફતાસાની પોળના નાકા ઉપર શા. કેશવલાલ ગુલાબચંદે પોતાના
ધી. ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૫૭ સને ૧૯૦૧

કીંમત એક આનો.

શ્રી અંબાજી પ્રતાપ.

ગુપ્ત ફળ

ભાગ બીજો.

આ ચોપડી વાંચ્યાથી કાયા સફળ થાય છે
તેમ ફળ મળ્યા વગર રહેશે નહી.

તદન નાટકના રાગમાં વધારા સુધારા સાથે બનાવી છે.

બનાવનાર
શા. ચુનીલાલ હેમચંદ વીરમગામવાળા.

છપાવનાર
શા. ચુનીલાલ હેમચંદ વીરમગામવાળા.

અમદાવાદ મધ્યે
કંદોઇનાવાડીના મેડા ઉપર શા. કેશવલાલ ગુલાબચંદે પોતાના
ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટિંગ પ્રેસમા છાપી.

સંવત ૧૯૫૭ સને ૧૯૦૧

કીંમત એક આનો.

વ્યસન ભાગ પેહેલો થોડી મુદતમાં છપાઇ બહાર પડશે.
અગાઉથી નામ લખાવનારને ફાયદો થશે.

શ્રી માજી પ્રતાપ:

ગુપ્ત ફળ ભાગ બીજો.

શ્રી મંગળાચરણ પ્રીય પતી તમે એ રાગ.

માતાજી મ્હારી, જગતની ધણી;
રાખે તેને ચાખે નહી, જે પુત્રસમ ગણી. માતાજી૦
છે સૌ જગતતણામાં માંજી, વડો તારો પ્રતાપ;
દુનીયાંમાં દેવી તું ભારે, માજી આપોઆપ. માતાજી૦
ભારે ભરોંસો માજી તારો, નીસ્ચે જાણો મંન;
સાચી નીતીથી વરતે તુજને, સદા ખુસીનો દંન. માતાજી૦
કુડકપટ મંનમાં તજીને, આવે તારે પાર,
કરે કામ તે સેવક કેરૂં, કરીશ કહું નીરધાર. માતાજી૦
ગુપ્ત ફળ જે બુક કેરૂં, નામ ધર્યું પ્રખ્યાત;
સેવક તારાં સરવે કહેસે, દેવી તૂં શાક્ષાત. માતાજી૦
વરણન સદા જે મુખથી તારા ,કરનીશ કરસે;
પ્રેમ હીંચોળે તું જ પ્રતાપે, સદા સુખીથી ફરશી. માતાજી૦
અક્કલ માજી કેરી શીખી, નથી ભણ્યો પીંગળ પાઠ;
ગુપ્ત ફળની બુક બનાવી, માજી કેરો ઠાઠ. માતાજી૦

ગાયન ૧ લું મધુર સ્વર ક્યાંથી આ સંભળાય એ રાગ.

માજીના ગુણ ગાય, અરે હાં, માજીના ગુણ ગાય;
કષ્ટ કદી ના જણાય, અરેહાં, માજીના ગુણ ગાય. માજી૦

સજન સૈ આવો, હુમ મચાવો;
માજી ખુસી ખુસી થાય, અરે હાં, માજીના ગુણ ગાય માજી૦
માજીની નીત્ય પુજા કરવી, એક ચીતેથી રૂદેમાં ધરવી;
કષ્ટ કદી ના જણાય, અરે હાં, માજીના ગુણ ગાય. માજી૦
પ્રેમ ધરીને સમરણ કરશે, તેના દુઃખો માં પલમાં હરશે,
માજી થાસે સાહાય, અરે હાં, માજીના ગુણ ગાય. માજી૦
મોટી દેવી માજી તું છે, ગુનેગારને તું પુછે છે;
જો ગુનો તેનો ગણાય, અરે હાં માજીના ગુણ ગાય માજી૦
માં વીનતી હમ ઉર તું ધરને ,આ ગુનો તું માફ્જ કરને;
તરત માફી ગણાય, અરે હાં, માજીના ગુણ ગાય. માજી૦
ભુલ ચુક તું માફ્જ કરશે, જાણીતાંનું મા રૂદયે ધરસે;
તેના પર કોપાય, અરે હાં, માજીના ગુણ ગાય. માજી૦
બાધા રાખી કોઇ જાયે. જાણી જોઇને તે ખાયે;
પછી કેમ નહી કોપાય, અરે હાં, માજીના ગુણ ગાય. માજી૦
કોઇ તરફની બાધા થાયે, ભુલ ચુકથી ખાઇ જવાયે,
તો માજી ગુનો ના ગણાય, અરે હાં, માજીના ગુણ ગાય. માજી૦
માજીનું જો મન મનાયે, દુઃખ કદી નહી તેને થાયે,
સરગ કરો ચુની કાયે, અરે હાં, માજીના ગુણ ગાય. માજી૦

ગાયન ૨ રાગ સૈયાનો કનરો.

માજી અંબીકા માત હમારી, સેવકની લીયો બાળ, જાઉ વારી. માજી૦
જે જન તારે પારે આવે, કષ્ટ કદી નહી તું દેનારી. માજી૦
તું તારે તો તરીએ હરનીસ, નહીતર દુઃખ અતીસ્યે ભારી. માજી૦
એક ચીતેથી સમરણ કરશે, તુંજ પ્રતાપે ઝુંઝું હું ભારી. માજી૦
જે જન ઉપર પરસન થાયે, સુખ દીયે કાઢું કોલ, કરારી. માજી૦

હરનીસ મુખથી ગાઉ ભજશે, તું મોટી માઉ, ખલકારી. માજી૦
ગાંડાં ઘેલેલાં તુંજ પાસે ફરીએ, તું માઉ મોટી ત્રીપુરારી. માજી૦
તું ધારે તો નીહાલ કરેછે, તે તો કહું ખરેખાત, વીચારી. માજી૦
માટે સરવેને આ સીખામણ, હરનીસ બોલો માઉ, જયકારી. માજી૦
ચુનીલાલ સૌ વીનતી ધરજે; અને માજી છે સુખની, દેનારી. માજી૦

ગાયન ત્રીજું વાહ વીધાતા તુજને ધન્ય—એ રાગ

ધન્ય ધન્ય અંબીકા માત, સી છબી તમારી,
સી છબી તમારી, સી છબી તમારી, ધન્ય ધન્ય.
મુખ જોઉં માજીનું જ્યારે. દીલમાં ખુશી થાઉં;
હરતા ફરતાં મુખથી માનાં, હરનીસ ગુણ ગાઉં. ધન્ય ધન્ય
બાળ છેએ તમારાં માત, જો તમે ઉગારો;
ભુલ ચુક રૂદયે ના ધરો, ભરોંસો તમારો. ધન્ય ધન્ય
નીંહાલ તેં કીધાં ઘણાંને, સેવક જેછે તારાં;
એક ચીતેથી ભગતી કરસે, કામ કીધાં ધાર્યાં. ધન્ય ધન્ય
ઘણાં ઘણાંનાં કામ કીધાં, નજરે જોયું ભાળી;
પ્રેમેથી પુજન કરનો, નીત્ય તેને દીવાળી. ધન્ય ધન્ય
જણુસ ભાત કર્મ તણી, અંન સુખેથી ખાવે,
બે કરજોડી વીનતી કરે, ચુનીજ ગુણ ગાવે. ધન્ય ધન્ય

ગાયન ૪ થું જબ રબકી મરજી કયાં જાણે—એ રાગ

માજી ભગ્તી જે જંન જાણે, દુનીયાંમાં મોઝમઝાં આણે
નહી કષ્ટ કદી તે પ્રમાણે, સત્ય વાત કહું છું આ ટાણે. ॥ માજી॥
સાચી નીતી સમરણ કરસે, નહીં ક્રોધ કલેસ રૂદયે ધરસે;
પ્રેમેથી મા દુઃખપર વરસે, હરનીસ માજી સારૂં કરસે. ॥ માજી ॥
અજમાસ કરો એકવાર ભજી, રૂદયેથી કપટ રહે તજીને,

રૂપ દેવની ભગતી રહોને સજી, સત્ય દેવી દુનીયામાં છે હજી. ॥ માજી ॥
જેને ખબર નહી દુનીયા વીશે, માજી ભગતીમાં રાંરે હસે;
પણ માં ચરણામત જે પીસે, નહીં જબર થહી તેતો બીસે. ॥ માજી ॥
તે પરથી સમજો જંન સો, ચરણામતમાં વીં જાન બહુ:
હદી ભગ્ની થકી સું લાભ લઉ, અરે ખાંત ફળ મળેજ બહુ. ॥ માજી ॥
માટે સંભરણ સૌ જન કરજો. માજી ભગની હૃદ્યે ધરજો,
દુઃખેથી તમે તરજો, ચુની અરજી માં ધ્યાન ધરજો. ॥ માજી ॥

ગાયન ૫ મું રાગ ગીતીની સાખો

ખરા પ્રેમથી માને ભજસે, જગ તેનું કાંઇ મળશે.
બંધનમાંથી મુગત કરાવે, દુઃખો તેનાં ટળશે. અરે હાં. માજી તું
સત્ય દેવી જગમાં-કહું હું, અરે માજી; તું
ભુલ્યો જંન જે રસ્તા માંહી, રસ્તો તેને બતાવે.
પડછો ભારી માજી તારો, નહી કોઇ તેને સતાવે. અરેહાં.
મોટી તું છે જાણુ, ચુની કરે ઘણેરાં વખાણ, મા મોટી તુંછે જાણ.

ગાયન ૬ ઠું અંધ દોડાવી સજ્જ ચલાવી—એ રાગ

માજી ગુણ ગાવાને સોજન, થાવ તમે તૈયાર;
ખરા પ્રેમથી ભજશો માને, અ[illegible] સારૂં થનાર. માજી ગુણ
માજી અમ બાળકને તુંતો, મીઠી નજરથી ભાળ;
હરખ ધરીને તુજ બાળકનો (૨) હરનીસ કર રખવાળ. માજી ગુણ
નથી પૈસા કોડી કેરૂં, કામ પડે ના લગાર,
મુખથી માજી માજી બોલો (૨) સદા થાય જયકાર. માજી ગુણ
ભારી સંકટ સીરપર જ્યારે, ઓંચીતાનું આવે;
પારે જવાની બાધા માનો, (૨) તરત માજી બચાવે. માજી ગુણ.
મા કૃપાથી ગ્રંથ રચ્યો છે, નથી ભણ્યો પીંગળ પાઠ;

જુલ્મગુજનની માટી માગું, (૨) માજી કેરો હાહ. માજી ગુણ.
દુનીયામાં દેવી તું ભારે, જોઈયે તારો ખ્યાલ,
બે કર જોડી વીનવે સેવક (૨) વસીક ચુનીલાલ. માજી ગુણ.

ગાયન સાતમું સોરઠી ગજલ—એ રાગ.

ધન્ય દેવી અંબીકા માંજી તું, જગમાં ઘણી પ્રખ્યાત છે;
અબેમાત મોટી આરાશુરી, તે સહાય સેવકની કરી.
તેથી નામ જગમાં થયું તાહારૂં, (૨) તુજ હોડ બીજું કરે નહીં.
પણ પેહેલેથી તુજ સમરણ કરે, એક-ચીતેથી હૃદયે ધરે,
બેસક નીહાલ તેને કરે (૨) એમાં જરી નહી ફેરરે. ધન્ય.
મોટી અંબીકા તું માડી છે, પેહેલી આશા તે પુરી પાડી છે;
પછી દરશને તુજ આવેછે (૨) એમાં શો મોટો ઉપકારછે. ધન્ય.
તું ઘટઘટની સરવ જાણુછે, દુનીયામહી પરમાણુ છે.
પ્રેમે પુજન કરે તાહરૂં (૨) તું હીરા મણીની ખાણુછે. ધન્ય.
સત્ય દેવી દુનીયામાં ખરી, તેં સાહાય સેવકની કરી;
સેવક દુઃખી કરે નહીં, (૨) તુજ ભરોસો મુને ભારીછે. ધન્ય.
મા સાચાને તુ સાહાય છે, મા જુઠાને તું અન્યાય છે;
બે કરજોડીને વીનવે, ચુની ગુણ તુજ ગાય છે. ધન્ય.

ગાયન આઠમું. ગજલનો રાગ.

હે જગત જનુની માતા અંબીકા માહારી;
છે દુનીયામાં પ્રખ્યાત, જાઉં બલીહારી,
દુનીયામાં જસ જાહેર, દેવી તું ભારે,
જે પારે તારે આવે તો પાર ઉતારે;
તુ માત મોટી છે, દુનીયા પાલણ વાલી;
જગમાં દેવી તુ સરેષ્ટ કરે રખપાળી.

તુજ ગુણુ ગાઉં છું, મુંઝ માની લે આશ;
અમ ગરીબ બાળકને, રાખ તું સાજા તાજા.
તુજ દેવી છે પ્રખ્યાત, ગુણુ શું ગાઉં;
મા મુખ તારૂં જોઇ નીત હું રાજી થાઉં.
મા સવારનો સણુગાર, નાંનેરા થાયે;
મા બપોરનો સણુગાર, આધેરા જણાયે.
મા સાંજ કેરો સણુગાર વધ કેહેવાય;
ચુનીલાલ વીનતી ધરો. ગુણુ તુજ ગાય.

ગાયન ૯ મું રાગ માઢ સાખી.

અરે દુનીયામાં દેવી તું એક, તારી બારી બલહારી છે.

સાખી.

ખરા પ્રેમથી પુજસે, સદા સુખી તે થાય;
સકટ પામે તે નહીં, જો માજીના ગુણ ગાય. અરે દુનીયામાં.
સૌ ભાઇઓને વીનતી મારી છે કરજોડ;
મુખથી ભજો માજીને, નહી ખોટ કે ખોડ. અરે દુનીયામાં.
માટે મારૂં માનીને, મુખથી અંબેમાત;
હરનીસ બોલો પ્રેમથી, ખરેખરી સાક્ષાત. અરે દુનીયામાં.
સંકટ સારપર જો પડે, પલમાં કરસે દુર;
સાચાને તે સહાય છે, કાયરને દે સુર. અરે દુનીયામાં.
અરજ કરજોડી કરે, ચુનીલાલ નીરધાર;
તુજ પ્રતાપે ગ્રંથ રચ્યો, બોલો જયજયકાર. અરે દુનીયામાં.

ગાયન ૧૦ મું રાસડો.

સમરણુ કરી લે અંબેમાત, તું જગત જનુની છે પ્રખ્યાત.
જે કોઈ તુજને હરનીસ ભજે તેના દુખડા પલમાં તજે.

જે જન માને સરણું જાય, તેને ચીંતા કદી ના થાય.
તું તારે તો તરીએ અમો, બે કરજોડી કહીએ અમો.
માજી આગળ જો કુદડી ફરે, તેની આશા મા પુરી કરે.
માટે માજીની ભગતી કરો, એકચીત રૂદયમાં ધરો.
ઘરઘરની છે તુજને ખબર, સૌની આશા મા પુરી કર.
મા મુખ જોઈ રાજી થાવ્રિ, વરણુન કેહેતાં પારના પાંકિ.
માજી કરશે ધાર્યું કામ, જો હરનીસ લેશે તેનું નામ.
કષ્ટ કદી નહી પડવા દીયે, પણ જો માજીથી તે બીયે.
એવો માજીનો છે આધાર, ચુની કહે બોલો જયજયકાર.
સમરણુ કરી લે અએમાત, જગત જનુની છે પ્રખ્યાત.

ગાયન ૧૧ મું. પુન્યમ ચાંદનીનો ગરબો.

માજી મંડપની સોભા હું તો, સી કહુંરે,
જોતાં ભવના પાતક દુઃખ જાય;
માજી મંડપની સોભા હુંતો સી કહુંરે.

સાખી.

આરાસુરી તું એકલી, સરણે સુખ કરનાર;
ભાવેથી ભજે તુજને, ધન્ય ધન્ય મુજ અવતાર.
પ્રેમે પુજું હું માજી તુજને હળી મળીરે.
તેના સંકટ સઘળા, હરનીસ તું તો કાપ;
એવી સાચી દેવી દુનીયામાં તું એકછેરે.

સાખી.

ધન્ય ધન્ય દેવી અંબીકા, આરાસુરી તું માત;
સાચાને તું સહાય છે ખરેખરી સાક્ષાત.
એવી માજી તારૂ વરણુન હુ તો સાંભળુંરે.

તેથી જગમાં કીધું તારૂં નામ;
એવી સાચી દેવી દુનીયામાં તું એક છેરે.

સાખી.

કસોટી તુ કાઢે છે, સંકટ પણ તું આપ;
સાચાને તું સાહાય છે, અંતે તું સુખ આપ.
એક ટેકથી જો ભજસે તુજનેરે,
તોતો માજી ખુશી ખુશી થાય;
એવી સાચી દેવી દુનીયામાં તું એક છેરે.

સાખી.

અરે દુઃખી જો કોઇ હોય, પરો એકે ચીત્તે ધ્યાન;
માજી સમરણ કરો અહી, દુનીયામાં મળે માન.
એવી કરજોડીને ચુનીલાલ વીનવેરે;
જેને અંબીકાનો મોટો છે આધાર.
એને દુનીયામાં દુઃખ કદી પડે નહીરે;
માજી મંડપની સોભા હું તો સી કહુંરે.
જોતાં ભવનાં પાતક દુઃખ જાય;
માજી મંડપની સોભા હુ તો શી કહુંરે.

ગાયન ૧૨ મું લાવણી

મા સરણે તારે આવે તો, પાર ઉતારે;
છે દેવી તું પ્રખ્યાત,અરે મુજ માત, જગત સાક્ષાત.
દેવી તું ભારે, મા સરણે તારે આવે તો પાર ઉતારે;
મા મોટો તુંજ પ્રતાપ, કષ્ટ તુ કાપ, સુખ અમ આપ.
આવ્યા તુંજ વારે, મારે સરણે તાર આવે તો પાર ઉતારે;
તું મન માયાં માં મગ્ની, તુજ સોભા સી કહું ધણી

તું જગત તણાની ધણી, કહું છું જ્યારે;
મા સરણે તારે આવે તો પાર ઉતારે, મા છોરૂં કછોરૂં થાય.
કદી ગુનો અમારો ગણાય, પણ વળી લળી લાગું પાય.
અરે તું ભારે, મા સરણે તારે આવે તો પાર ઉતારે.
મા કરતું અમ રખવાળી, કરગરે ચુની તુંજ બાળ.
નીત્ય મીઠી નજરથી ભાળી, સારૂં તું ધારે.
મા સરણે તારે આવે તો, પાર ઉતારે.

ગાયન ૧૩ મું મંમ કંઠ સુકાયે જાયે—એ રાગ

મંમ માજી ભજતી થાયે, હરનીસ રહે મંમ સાહાયે. મંમ૦
માંજી, દુઃખ હરો, સુખકરો, ચીત ધરો, પ્રેમછરો.
રૂદયે સાંતી મુંજ થાયે. મંમ૦
સુખ વીણ માંજી, વ્યાકુળ થઇએ, બાવરા, બાવરા, બણી બણી જઇએ.
કરો મેહેર, થાયે લેહેર, સદા સુખી કેહેવાયે. મંમ૦
પ્રેમ થકી જે પુજન કરસે, એક ચીતેથી રૂદયેમાં ધરશે.
સફળ કાય, તેની થાય, ચુની તુજ ગુણ ગાય. મંમ૦
હરનીસ રહે મમ સહાયે. મંમ૦

ગાયન ૧૪ મું કસુંબી કસુંબી કસુંબી રંગ હો ગયા–એ રાગ

ઓ દેવી, ઓ દેવી, ઓ દેવી, અંબીકા માંજી, અંબીકા માજી.
હું તો ભજું તુને સાંજ સવાર, રહેને રાજી. ઓ દેવી૦
તું મોટી, તું મોટી, તું મોટી, સૌ જંન જાણે.
ખરેખાત, પાલણહાર, કરૂં સું વખાણે. ઓ દેવી૦
તું તારે, તું તારે, તું તારે, ભરોસોં ભારી, ભરોસોં ભારી.
અમે સેવક તારાં જાણ, લીયોને ઉગારી. ઓ દેવી૦
મા છોરૂં, મા છોરૂં, મા છોરૂં, કછોરૂં થાયે, કછોર થાયે.

માં માંવીત્ર કે માવીત્ર, આજ કદી નાં ગણાયે. ઓ દેવી૦
મા તારો, મા તારો, મા તારો, ભરોસો કરસે, ભરોસો કરસે.
નીસ્ચે કરીસ તેને નીહાલ, હૃદય તું ધરસે. ઓ દેવી૦
માં ચુની, માં ચુની, માં ચુની, તુંજ ગુણ ગાવે, અરે ગુણ ગાવે.
સદા સુખી તેને રાખ, પારે તુંજ આવે. ઓ દેવી૦

ગાયન ૧૫ મું રાગ માંડ

અરે મુંજ માંજી કરને તું મેહેર; તમે જાણો સૌની પેહેર. અરે૦

સાખી.

વારે, વારે, સુ કરૂં વખાણુ તારાં અનેક,
એક ચીતેથી વરતે તુજને જો તોડે નહી ટેક.
અરે હાં જો તોડે નહીં, ટેક મુંજ માજી કરને તું મેહેર
સાખી દુનીયામા તું આ સભામાં દેવી દીન દયાળ.
સંકલ્પ મનમાં તારો કરસે, લેસ તેની સંભાળ અરે હાં
લેસ તેની સંભાળ. મુજ માજી કરને તું મેહેર.

સાખી

સુખ વખતમાં સમરણ કરસે, દુ:ખ કદી નહી થાય
એક ચીતેથી માજી ભક્તી જો તેનાં ગુણ ગાય. અરે હાં
જો તેના ગુણ ગાય, મુજ માજી કરને તું મેહેર

સાખી

દુ:ખ વખતમાં માજી કેરૂં, મુખથી લેસે નામ
ફળ તેનું મા શું દીયેરે, ચુની તુજ ગુણ ગાય અરે હાં
ચુની તુજ ગુલામ, મુંજ માજી કરને તું મેહેર
તમે જાણો સૌની પેહેરરે મુજ માજી, કરને તું મેહેર

ગાયન ૧૬ મું. કરમાં તું દીલ સાથ એ રાગ.

તું માજી અંબેમાત, જગતમાં માજી અંબેમાત;
છે દેવી તું સાક્ષાત, જગતમાં માજી અંબેમાત.

સાખી.

પ્રેમેથી તુંજને હરનીસ નમીયે, ભગ્તી કરી માજી ભોજન જમીયે;
ચાલ માજી તણા પારે જઇએ, મા મુખ જોઇ રાજી થઇએ.
મા મુંખ કેરી આસીસ લઇએ, બ્રામણ ને ત્યાં ભોજન દઇએ;
ચાલ્યા આવ માંજી ગુણ ગાવ, માજીનો આધાર છે.
અરે દેવી સદા રહે સંગાત, જગતમાં માંજી અંબેમાત;
માજી અંબે માત જગતમાં, માજી અંબેમાત.

સાખી

એક ચીતેથી મા ગુણ ગાસે, મા મનમાં નીત્ય રાજી થાસે;
ચાલોને માને પુષપે વધાવો, હળીમળી માના મંદીર જાવો.
માજીના પારે ધુમ મચાવો, ધુમ મચાવી મા ગુણ ગાવો;
ચાલ્યા જાવ માજી દ્વાર, અરે માજીની મેહર છે.
અરે દેવી સદા રહો સંઘાત, જગતમાં માજી અંબેમાત;
માજી અંબેમાત, જગતમાં માજી અંબેમાત.

ગાયન ૧૭ મું.

દક્ષણી ચાલની દેસી નાથ નવ કહો વાત ઘર જવાનીરે એ રાગ

માજી ખુસી રહો, સેવક છો તમારાં.
વીનતી ઉર ધરો સેવક છો તમારાં રે.
કરો વીચાર, હૃદયે મોઝાર, વહીએ દ્વાર તુનાં અપાર,
મનમાં કરો વીચારે, માજી ખુસી રહો, સેવક છો તમારે,

સુખો ચુંગે ઘણી સેવકની માં આપેરે,
કરો ને મેહેર, લીલા લેહેર, જાંણો સૌ પેહેરે, સુખી સૌ પેર;
આસીસ એવી દીયોરે, માજી ખુસી રહો સેવક છી તમારારે.
પ્રેમનો ઝરો, સેવકને નીહાળોરે, કરોને સહાય;
મોટી તું માય, ચુની ગુણ ગાય, ધારે તે થાય,
એવી તું છે દેવીરે, માજી ખુશી રહો. સેવક છી તમારાંરે,

ગાયન અઢારમું આ શું ક્ષત્રી મંહી અનોતી આવી એ રાગ

મુજ માજી તણી જુગતી સારી, ફરે જગત તણામાં દુવાઈ;
કરો સારૂરે, થસે ધાર્યુરે, તો તો માજી ગુણ ગાય.
દેવી દુનીયાંમાં પંકાય, લળી લળી લાગુ પાય.
છે ચુનીને મા સાહાય. મુજ માંજી તણી જગતી સારી,
ફરે જગત તણામાં દુવાઇ.

ગાયન ૧૯ મું કયાં જાય તજી પ્યારાં—એ રાગ

છે માજી તણો આધાર, જગત સૌ જાણે;
નમું માજી તુંજને નીત્ય, કરૂં સું વખાણે.
તેં કીધાં ઘણાંનાં કામ, તેથી થયું જગતમાં નામ;
આવે ખરચે પારે દામ, માજી તુ કામો કામ. છે માજી
મા વનમાં કીધો વાસ, મા શેર રહે તુંજ પાસે;
સેવકની પુરો આસ, ચુની તુંજ દાસનો દાસ છે માજી

ગાયન ૨૦ મું પામ્યો પામ્યો પદમણી નારી હો—એ રાગ

જાવો જાવો જનોરે તમે માજીના મંદીર જાવો
સીસુપણાથી સમજો માજીને ભીજો દીવાનાં વાવોરે તમે.
નર્મપણાથી નીત્ય માંજીને આનંદ મન ઉપજાવોરે તમે.
પુર પુન્ય પરભાવે કરીને લીયો મનુંષ્ય જન્મનો લાહાવોરે તમે.

આવા વખત જો જનો રહેસેનો પછી થસે પસ્તાવોરે તમે.
એક ચીતેથી સમરણુ કરસે માજી આપને લાહાવોરે તમે.
ચુની કુંઝે મા તારાં આધારે સેવક તુજ ગુણ ગાવેરે તમે.
માજીનાં મંદીર જાવો જાવો જાવોરે તમે માજીનાં મંદીર જાવો

ગાયન ૨૧ મું લલીત છંદ.

અંબે માતજી અર્જ ઉચરૂં તજ પસાયથી પાપને હરૂં
સગુણ એક છે માજી તાહારૂં અંબે માતજી અર્જ ઉચરૂં
અચળ દેવીરે દરશન આપજો અમ ગરીબના દુઃખ કાપજો
કૃપા ગુરૂ સદા ભગ્તી હું કરૂ અંબે માતજી અર્જ ઉચરૂ.
દેવી અંબીકા તું જગતની ધણી જપે તને જે નીત્ય હીરાનુ મણી
ચુની મુખથી વીનતે ખરૂં અંબે માતજી અર્જ ઉચરૂં

ગાયન ૨૨ મું.

મેહેતાજીરે મું મહી મુલ બતાવું એ રાગ.

મંમ માયારે વીનંતી અમારી ધરજો, આ સેવક સદા સુખી કરજો.
પ્રેમેથી પુજન કરસેરે, માજી દુઃખો તેનાં હરસેરે;
સદા સુખ સાંતીમાં ફરસેરે, હું કહુંછુંરે સેવો માજી આપ મરજો.
મંમમાયા દીલ સાફથી કરો સેવારે, મળે માજી તરફથી મેવારે.
જેવા માંગો તેવા તેવારે, નથી કરવી રે ભગ્ની માજીની.
કરજો આ સેવક, તુંજ ભરોસો છે મારીરે.
મા સેવક સે તું ઉગારીરે, તુજ અકળ ગતી છે ન્યારીરે.
મા સેવકનારે ભંડારો તું ભરજો, આ સેવક,
માટે સરવે ભાઇચોને કહુંછુરે, માજી ભગ્ની શીખામણ દઉંછુરે.
માંજી તરફથી લાવો લઉંછુંરે, પામર પ્રાણીરે માજી થકી તું ડરજો.

આ સેવક, આ વખત જસે ભગ્ની ફેરારે,
નહી ઉપાય ચાલે તારારે, પછો માથે રહેશે વેરારે.
ચુની કહે છેરે વીનંતી અમારી ધરજે, આ સેવક સંઘ સુખી કરજે
મંમમાયારે

ગાયન ૨૩ મું મારા ભાગ્ય તણો નહી પાર મેલા બાવી મારી પ્યારી એ રાગ.

મોટી દેવી અંબેમાત દેવી દુનીયામાં સાક્ષાત
પડઘો ભારી તારો જગતાં સો દુનીયા વખાણે
કળીકાળના કળજુગમાંહી (૨) જુગમાં સો જન જાણે. મોટી
કુડ કપટ જે મનમાં રાખે જલદી ખબર તું લે છે
એક ઘડીના વીલંબ પછાડી (૨) તરત ફળો તું દે છે મોટી
સાચી નીતીથી વરતે તુજને ફળ તેનું નહીં જાસે
ખાતરોથી માંનો નીસ્ચે (૨) વૈકુંઠ વાસો થાસે. મોટી
જન્મ મરણુનો માજી ફેરો ટાળો માજી પલમાં
માટે ભક્તી માજી કેરી (૨) કરો આપ અકલમાં. મોટી
સો સોનું આ બાતુ ભારી અકલથી જે કરશે.
ગરીબ મનુષ્યને એ શીખામણુ (૨) માજી મુખે ઉચરસે મોટી
માજી મુખથી હરનીસ બોલો એમાં શું તમ જાસે
ચુની અરજ શીકારી લઇને (૨) સફળ કામ સો થાસે મોટી

ગાયન ૨૪ મું લાગી લાગી લાગી અજબ જોત જાગી એ રાગ.

માજી તારા મુખડાની લેહ લાગી; લાગી, લાગી, દરશને ભુખ ભાગી. માજી
માજી તારા પારે ધુમો મચાવે; માજી તારા ગુણો શેવક બધા ગાવે;
માજી તારે કાજે નવી ચીજ લાવે, લાવે લાવે નવી ચીજ લાવે. માજી
માજી તારા મંદીરે મોરલી વાગી, માજી ભાવ્યા સંસારી ને વેરાગી

માજી હવે કુડકપટ જગદાસ ત્યાગી, ત્યાગી ત્યાગી દરસને સુખ માગી માજી.
માજી તું મારે તે પક્ષમાં કરે છે, માજી તુ તારે તો સેવક તરેછે;
માજી તારા પારે આવો મરેછી, મરેછે મરેછે દરસને સુખ માગે. માજી.
માજી તારૂ નત અંડ મોટું નામ, માજી કીધાં ઘણાં ઘણાના કામ;
માજી પ્રગટયાં જગમાં કામો કામ, કામે કામે દરસન સુખ માગી. માજી.
માજી તારી મુરતી લાગે પ્યારી, માજી તારા દરસને જાવું વારી;
માજી ચુનો કેહેછે સેવક હેતા તાને, તારી તારી દરસને સુખ માગી માજી.
માજી તારા મુખડાના નેહ લાગો, લાગો લાગો દરસને સુખ માગી.

ગાયન ૨૫ મું હરસ ધરી કરૂં કાજ ઉમંગે એ રાગ.

માજી અંબીકા તું માત હમારી, સેવકને હો આપ ફગારી. માજી.
જે જન તુંજને હરનીસ ભજસે, તું મોટી દેવી ત્રીપુરારી. માજી.
કષ્ટ કદી નહી તું તો જણાવે, નીત ઉમંગનો વારો વધારી. માજી.
સકતી તુંજમાં અતીરમે ભારી, સેવકને સુખ દે તું વીચારી. માજી.
કરૂણા કર સેવકપર ભારે, એવી આસા અમને માજી તમારી. માજી.
જે જન તુજને હરનીસ ભજસે, તેના અર્જમાં લે તે સીકારી માજી.
ચુંની વીનતી જગને જણાવે, સેવો માજીને દુનીયાંદારી. માજી.

ગાયન ૨૬ દોહરો.

એક ટેકથી માંન તું, માજી અંબેમાત;
દુખ હરે સુ બોલીએ, હું કહું સાક્ષાત.
ખરેરીથી ચાર બાર છે માજી કેરૂં ધામ;
મુખ્ત મળી મળ્યા વીના, સુ ભજાનુ કામ.
વળી રસ્તો વીકટ ઘણો, ડુંગર કંકર અનેક;
સાચાને મંન સેહેલ છે, જો તોડે નહી ટેક;

ગાયન ૨૭ દોહરો.

સાચી નીતી રીતસુ, ધરો એક ચીતે ધ્યાન.
ધરથી નીકળો જાહરે, બોકુ ના કરવું કામ.

સ્ત્રી ભેગી હોય આપડી, ગણવી બેન સમાન.
ખાવા લેવું ધી કણું, તેલ્ર તણું નહીં કામ;
સ્ત્રી સીખામણુ એટલી, પુરૂષ ભ્રાત સમાન.
એમ ધારીને ચાલવું, ધાર્યું થાસે કામ;
સીર ધોઇ ઘેરથી ચાલવું, તેલ જરી ના હોય.
ધી સીર વીશે નાંખવું સારી પડસે સોય;

ગાયન ૨૮ જાવાદે રસોલી રંભા કાદુનું સું કામ છે જી-એ રાગ

જાવોને માજીનાં મંદીર, માજી મોટી દેવીજી;
માજી મોટી દેવીજી, સારૂં કરે તેવીજી. જાવોને.
રક્ષા કર મારી માજી, રહીએ અમે રાજી રાજી;
ભલે તું તારે તો તર્યાંએ (૨) નહીંકો આધાર છેજી. જાવોને.
માજી કર મેહેર મુજને, કરગરી કહું છું તુજને;
ફરૂં જગ માંહી જહારે, (૨) મુખે નામ ત્ાહારૂંજી. જાવોને.
ઊંચરે સેવક તારાં, ન કરે કદી તું ન્યારાં;
ભારે ભરોંસો તારો, (૨) નથી કાંઇ અજાણુ માંજી. જાવોને.
મુખેથી માંજી વાણી, માથાના મુગટ જાણી;
અમે તને નીત્ય નમીએ, (૨) ન કદી વીસારે એજી. જાવોને.
સદા તુંને ભજશે ભાવે, પારે તેનો તારે આવે;
પછી તેને દુઃખ કેવું, (૨) માજીનો પ્રતાપ છેજી. જાવોને.
માટે સૌ સમરણુ કરજો, માજીને રૂધ્યમાં ધરજો;
કરે તેનું માંજી સારૂં, (૨) કહે ચુનીલાલેજી. જાવોને.

ગાયન ૨૯ દોહરો.

અપગ હતો જણુ એકતો, માની માનત તેહ.
[illegible] કરૂ તેહેનં. સારી થઇ ગઇ દેહ,

આંખ દુખે જણુ એકની, અંધ થયો તે જન.
માનત માની માજીની, માંન્યું માનું મન;
દુસ્માન થઇ તે અધપર, દીધી ચક્ષુ બેઉ.
બે કર જોડી વીનવે, ચુનીલાલને સઉ;
માંદા જણુ માસ છો તણો, કરે અનેક ઉપાય.
કાયા બગડી તે તણી, કોઇ રીતે સારૂં ના થાય;
ઘણાં વૈદ વારૂ કર્યાં. ઉલટો પામે દુઃખ.
માનત માંની માજીની, દીધું માજીએ સુખ;
સારૂં થયું દીન ચારમાં, નજરે જોયું સઉ.
ચુનીલાલ વીનતી કરે, માજીએ કીધી બહુ;

ગાયન ૩૦ મું.

તલચ્છું તલચ્છું તલચ્છું તલચ્છું તલચ્છું—એ રાગ

ઓ માજી માહારાં, કહુંછું, કહુંછું, કહુંછું કહુંછું કહુંછું જોડી હાથ.
તમે દેવા છો મોટા, જગમાં બાર કહુંછું હું સાક્ષાત, ઓમાજી.
બ્રાહ્મણને ત્યાં ભોજન ભારે, માજી નીત્ય અપાવે.
હળી મળીને માજી પારે, બ્રાહ્મણ ધુમ મચાવે; ઓમાજી.
એવો છે પ્રતાપજ માનો, આશા પુરી પાડે.
રંક રાયને સરખા ગણીને, ફળ દે ઘોળે દહાડે; ઓમાજી.
વણીક મુની મુખથી બોલે, માજી તુંજ પ્રતાપ.
જગમાં દેવી બારે તુંતો, માજી આપો આપ; ઓમાજી.

ગાયન ૩૧ દોહરો.

નીરધનીઓ એક જન હતો, દ્રવ્ય મળે નહીં પાસ.
સાંજે નીત્ય ભુખે મરે, નાંખે બહુ નીસાંસ;
એક ટંક પુરૂં કરે, બીજે ટંક ના ખાય.
બચ્ચાં બાલા ભુખે મરે, કહો તેનું સું થાય;

કટાણી પુકાર કરે, માજી થઈ ગઈ બહોત.
હવે જો મને સારૂં થશે, તો કાઢીશ તારી ચોથ;
આગળ ભુલ ખાધી ઘણી, તેથી પામું દુઃખ
હવે સાહાયતા કર મુને, માજી દે તું સુખ;
ચોથાઇ ભાગ મધો કરી પૈસા કમાણો ઢંગ.
નોકર ચાકરનો પાર નહી, મોટા મોટા નીરંગ;
માજી પ્રતાપે ધન થયું, ગયો જનત્રાએ તેહ.
ચુનીલાલ એમ વીનવે, સફળ થઇ ગઈ દેહ;

ગાયન ૩૨ બાપુ આ સું બોલો ગયા—એ રાગ

માજી તુજ આસરે હું ફરૂં, નહી કોઇથી હું તો ડરૂં.
છે જગમાં પ્રખ્યાત તું, દેવી દીન દયાળ;
પડજો ભારી જગતમાં, કર સેવક રખવાળ. માજી.
સુધારે કાય સદા તું સહાય, એવી જણાય; માજી.
ચંદુ વધારે મુખ થકી? સુ તારાં હું કામ.
માજી તું છે માદરી, જગમાં કીધું નામ; માજી.
સારો સંસાર ચુની બીચાર, પાર ઉતાર. માજી.

ગાયન ૩૩ મું.

બાંધી પરથી પ્રીત પ્યારે મારે બાંધી પરથી પ્રીત—એ રાગ

માજીની કેવી રીત, મોટી દેવી માજીની કેવી રીત
હરનીસ માનુ સમરણ કરવું, દરસનને જાવું ખચીત.
બાવેથી માનાં દરસને જાવું ખચીત; મોટી.
બે કરજોડી ચુની વીનતી, ભજો માને તમે નીત્ય.
સકળ સભા, ભજો માને તમે નીત્ય. મોટી.

ગાયન ૩૪ દોહરો.

કોઇ મનમાં મગરૂબી કરે, તુટીના બુટી હોય.
લખ્યા લેખ મટે નહીં, છુવાડે નહી કોઇ;

પણ તે વાંચે દાખલો હું દઉં, મર પડે જંજાળ.
લેખ તોડી સર્જન કરે, જે માને માજીનું મંન;
વીમળશા એક શેઠ હતો; માજીના ફુરમાન.
માગ્ય માગ્ય ત્યાં વાણીઆ માગે તે આપું તમામ;
મુળ જૈન ધર્મી તે હતો, માજીને લાગ્યો પાય.
બે કર જોડી વીનવે નીત્ય, એક દેરૂં થાય;
માજી વચન દેરાં થયાં, લક્ષમીનો નહી પાર.
નત્ય એક દેરૂં નીપજે, ત્રણસો સાઠ નીરધાર;
એક દીવસ માજી કહે વીમળશા સુણવાણ.
કોણ પ્રતાપ સારૂં થયું, કહો શેઠ ચતુરસુજાણ;
મુળ જૈન ધર્મના કારણે, કહે વીધાતા ગુરૂ પ્રતાપ.
માજી કોપ્યાં તે પરે, દીધો તેને સરાપ;
નાસવું હોયતો નાસજે, બળી ભસ્મ થઈશ તું.
દેરાં બળ્યાં કારમાં, નીશ્ચે કહુંછું હું;
યાદ આવ્યું તે શેઠને, માજી કહ્યું માર.
મુક્યો વણીક હવે બહુ થઇ, દીલ મારૂ થયું સાફ;
માફ કર્યાં પછી માજીએ, દેરાં રહી ગયાં પાંચ,
માજીએ કૃપા કરી, ઓલાણી તે આંચ;
શેઠ વીમળશા એમ કહે, માજી તુજ પ્રતાપ.
ધન્ય ધન્ય દેવી અંબીકા, જગમાં આપો આપ;
વીધાના લેખ તોડીને, શુરવી મોટી થઈ.
દુનીયામાં સત તાહારૂં, આરાસુરીનું માંઈ;
તે પરથી આ દાખલો, મનુષ્ય સરવને જાણ.
માફ જો હોયમનુષ્યનો, સારૂં થાય નીરવાણ;
એમ સમજવું મન નહી, કે ઉપંત પદારથ થાય.

પણ દેવી મોટી અંબીકા, જો એનું મન મનાય;
તે કોઇએ ગણતી નથી, રંકને કરે રાય.
રાયને રંક બનાવે છે, દુનીયામાં દેખાય;
આગ્રાં વખાણ કરતા નથી, માજી કથા નહી પાર.
બે કરજોડી વીનવે, ચુનીલાલ નીરધાર;

ગાયન ૩૫ મું ગીતીની સાખીઉં એ રાગ.

ખાત્રી ખરીથી માજી કેરો, ખરો દાખલો દઉં છું;
એક ચીતેથી સુણજો સૌ જંન, મુખ થકી હું કહું છું.
અરે હાં ન હોય અંથજ પાસ, જાત્રા થાય ઘણે રોની રાંસ;
ના હોય અંથજ પાસ, કહો તે જંનને માજી કેરી જાત્રા સીતે થાય.
અંથ વાળા ગાડીએ બેઠા, આસી રીતે જાયે;
અરે હાં ફરી માજીને ત્યાં યાદ, માજી સાંભળ મારી દાદ.
ફરી માજીને ત્યાં યાદ, એક દીવસનાં આંતર માંહી;
ગુપ્ત ધંન બહુ દીધું કસોટી પુરી કાઢીને, સફળ કામ સૌ કીધું.
અરે હાં અંથ વાળાના તે પેહેલ, પોહોચ્યો માજી આસરે સેહેલ;
અંથ વાળાનાં તે પેહેલ, માટે સૌ જંન કરો ખાત્રી.
રાખજો બાધા માની, ગરીબ મની જે સેવક હોય તો.
રાખસે મા નીસાની, અરે હાં ચુની કહે છે તેજ ખરી.
નહીં ફેર પડે એ જરી, ચુની કહે છે તેજ ખરી,

ગાયન ૩૬ મું દોહરો.

પ્રેમેથી પુજે અંબાજી સદા સુખી તે થાય, નાગો ભુખ્યો ના રહે,
જો માજીનાં ગુણ ગાય, ઘર વીષે છબી એક રાખીને.
કરો નીત્ય પુજા સેવ દીવો કરી ભોજન લેવું, જો એવી પાડે ટેવ,
ધંધા વીષે બરકત થીયે લાભ ઘણેરો થાય, સુખી રહે તે દેહેથી.
કદી કદી ના જણાય ભીડ પડે ભારે વળી, સમરણ કરે તે દીન,

માનત માને માજીની દુઃખ હરે પલછીન, માટે સમરણુ સૌ કરો.
માજી કેરૂં નામ પ્રતક્ષ દાખલો પામસો, થાસે ધાર્યું કામ;
દુનીયા ઉપર એક છે આશા સુરી મુજ માત, જંગલમાં સૌ જંન જાણેછે.
મુલક મુલક પ્રખ્યાત દુર દુર દેસથી આવે છે, માજી કેરેપાર,
કરજોડીને વીનવે, ચુનીલાલ નીરધાર.

ગાયન ૩૭ મું આર્વદાવર્થ વીતાવી એ રાગ.

માજી મંડપ ચતુરાઇ મંનહર સાતી દીયે સુખદાઇ, માજી.
જોઇ માજી મુખ મંન હરખાતું, ભગ્તી માજીની પાઇ. માજી.
ચરચા માની અીસય ભારી કીધાં કામ નવાઇ, માજી.
દારદાર માના ગુણુ ગાંઉં, લેહેર સેવક ઘર છાંઇ. માજી.
રહેદ્વાર ખુલાં દીનરેનનાં, જાય કહોનાં જણાઇ, માજી.
સૌ રણુ હીરા મોતી માંણેક એક ચીજ નહીં જાય. માજી.
ભુલ ચુકથી પડી કદી જાયે, પુકાર થાયે તાંહી, માજી.
ફરે ચોજ હસ્ત ક્યાં લઇને, કહો ચીજ કોની છે ભાઇ. માજી.
એવું સત્ય નજરે નીહાળું, ચુની તુજ ગુણુ ગાઇ, માજી.

ગાયન ૩૮ મું હાંહાંરે જેને પ્રેમે હાંહાંરે જેને પ્રેમે પુરોનાં પીછાણ્યો હોએતો આંધ સમો અકળાણો એ રાગ.

હાંહાંરે જેને પ્રેમ હાંહાંરે જેને પ્રેમ,
માજીપર રાખ્યોરે, કદી દુઃખી નહી તે જણાયે. હાંહાંરે.
ખરા પ્રેમથી માને ભજસે, મા દુઃખડા તેનાં તો તજસે,
સુખ સાતી સૌ થાયરે, કદી દુઃખી નહી તે જણાયે. હાંહાંરે.
ારે તો માજી નીહાલ કરેછે, અરજી સેવકની ઉર ધરે છે,
ળી લળી લાગું પાયરે, કદી દુઃખી નહી તે જણાયે. હાંહાંરે.
ે માને નીત્ય સમરજો, એક ચીતેથી રૂદયમાં ધરજો,

ચુની મા ગુણ ગારે, કદી દુઃખી નહી તે જણાયે. હાંહારે.
જેનેપ્રેમ માજીપર રાખ્યે', હો કદી દુઃખી નહી તે જયાય.

ગાયન ૩૯ મું હું તન્યા મું ગુરૂ દાનવની ઓગણુતી ત્યાં સુર માનવની એ રાગ.

માજીનો સેવક હું બારે, માજી તારે તો તારે,
નહીં કોઇ મુંને બીજો તારે, યા કોઇ નહી બીજો મારે. માજીનો.
પરવા માજી તણી હું રાખું, માજી ચરણાગત હું ચાખું;
માજીનાં ગુણ મુખથી ભાખું, માજી આશા હું નીત્ય રાખું. માજીનો.
કાઢે કસોટી માજી મનમાં, દાખે ગુન્ન ફળ એકે દનમાં,
મા વાસ કીધો જઇને વનમાં, સુખ સાંતી પ્રગટે આ તનમાં. માજીનો.
જગ જાહેર કળજુગ માતુ ખરી, નહી વચન થકી તું જાય ફરી,
રહે હરનીસ તુજથી ડરી ડરી, ચુની કહે લક્ષ્મી તેને વરી. માજીનો.
માજી તારે તો તારે, નહી કોઇ બીજો મુંને તારે,
યાં કાઇ નહી બીજો મારે, માજીનો સેવક હું બારે.

ગાયન ૪૦ મું બે જણને ગાવાની ગત માજીની સ્તુતી આવોને પ્યારા આંખુંના તારા એ રાગ.

માજી મારાં વહીયે તમને, સુખ સાંતી દીનો માઅ અમને,
માજી દયાળી, પ્રેમની પાળી, તુજ રખવાળી, સેવક બાળ. માજી સુ
પ્રેમ છરો, વેરો ખરો, દુઃખ હરો, સુખ કરો, માજી સુ
મનમાં તું ધાર, પાર ઉતાર, તારે તો તાર તારો આધાર, માજી સુ
અર્જનો મેહેર, જાણે સૌ પૈહેર, લીધા લેહેર, કર સેવક પેર માજી સુ
આશાનાં ઝાડ, પુરાં તું પાડ, હોય જ્યાં ખાંડ, કરે ત્યાં પહાડ. માજી સુ
તુજ વચને કાંઇ જાય, સુખો તે થાય, ફુલે વધાય, એવીજે થાય. માજી સુ
માગુ તુજ પાસ, સેવકની આસ, વેરાંનો નાસ, ચુની તુજ દાસ. માજી સુ

સમાપ્ત.

જાહેર ખબર.

શ્રી માજી પ્રતાપ.

ગુપ્ત ફળ ભાગ બીજો.

આ ચોપડી વાંચ્યાથી કાયા સફળ થાય છે તેમ ફળ મળ્યા વગર રેહેશે નહીં. નકન નાટકના રાગમાં વધારા સુધારા સાથે બનાવી છે, આ ચોપડી વાંચી તેનાં નીયમથી વરતશે તો તે કદી નાગો ભુખ્યો રહેશે નહીં. ચોપડી મળવાનાં ઠેકાણાં કાળુપર દરવાજા અંદર ધનાસુતારની પોળમાં અંબાજીનાં મકાનમાં બીજું ઠેકાણું ધનાસુતારની પોળ બારણે ખાણી પરશોતમદાસની દુકાનેથી મળશે.

કીંમત એક આનો.

આ બુકની પેદાશમાંથી દસ આની ભાગ માજી ખાતે વાપરવામાં આવશે.

બનાવનાર,

શા. ચુનીલાલ હેમચંદ.

વીરમગામવાળા.